પોલીસ સ્ટેશન દીઠ શાંતિ સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: વિ-૨/કમબ/૧૩૨૦૧૭/૬૨૦(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૪/૦૬/૨૦૧૭.

વંચાણમાં લીધા:-

(૧) ગૃહ વિભાગની તા.૨૫-૬-૧૯૭૧ની યાદી ક્ર.એસબી-૩/સીઓએમ/૪૦૭૦/૪૪૯
(૨) ગૃહ વિભાગની તા.૩૦-૪-૭૭ની યાદી ક્ર.એસબી-૨/સીઓએમ/૪૦૭૪/૨૧૨૫
(૩) ગૃહ વિભાગની તા.૨૫-૬-૮૧ની યાદી ક્ર.એસબી-૨/સીઓએમ/૧૦૮૧/૧૧૯૬
(૪) ગૃહ વિભાગનો તા. ૧૦/૦૯/૧૯૮૬નો ઠરાવ ક્રમાંક: વિ-૨/સી.ઓ.એમ.-૧૦૮૬ /જી.ઓ.આઇ-૩૨૫
(૫) ગૃહ વિભાગનો તા. ૨૦/૦૪/૧૯૮૭નો ઠરાવ ક્રમાંક: વિ-૨/સી.ઓ.એમ.- ૧૦૮૬/ જી.ઓ.આઇ-૩૨૫
(૬) ગૃહ વિભાગનો તા. ૦૨/૦૪/૧૯૮૭નો પરીપત્ર ક્રમાંક: વિ-૨/કમપ-૧૦૮૬-૧૦૦૦૯
(૭) ગૃહ વિભાગનો તા. ૦૩/૧૨/૧૯૯૦નો ઠરાવ ક્રમાંક: વિ-૨/કમપ/૧૦૯૦/એમ.- ૪૮
(૮) ગૃહ વિભાગની તા.૮-૫-૧૯૯૦ની યાદી ક્ર.એસબી-૨/સીઓએમ/૧૦૮૬/૧૦૦૦૯
(૯) ગૃહ વિભાગની તા. ૦૯/૦૯/૧૯૯૨ની યાદી ક્ર. વિ૨/કમપ/૧૦૯૧/૫૪૬૮
(૧૦) ગૃહ વિભાગનો તા.૦૬/૦૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: વિ-૨/કમબ/૧૩૨૦૧૫/૬૨૦

ઠરાવ:-

રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા જળવાઈ રહે તે માટે માર્ગદર્શક સૂચનો કરવા અને કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકતાવાદ જેવા અનિષ્ટોને નાબૂદ કરવાના ઉપાયો સૂચવવા ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય એકતા પરીષદની રચના કરવામાં આવેલ છે.

આ પ્રમાણે રાજય કક્ષાએ પણ આ જ હેતુઓ માટે એટલે કે, રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાના સંવર્ધન, સમગ્ર રાજયમાં શાંતિ, એકતા અને સદ્ભાવના દ્વારા કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકતાવાદ જેવા વલણોને મૂળમાંથી નાબૂદ કરવા અને રાજયમાં શાંતિ, એકતા અને સદ્ભાવનાને વધુ બળવત્તર બનાવવા માટે ગૃહ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૬ ના ઠરાવથી રાજય એકતા સમિતિની રચવામાં આવેલ છે.

આજ રીતે ગૃહ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૬ના ઠરાવથી રાજયમાં કોમી એકતા અને એખલાસભર્યુ વાતાવરણ જાળવી રાખવા, કોમી બનાવોને નિવારવા માટે તેમજ કોમી તંગદિલી નિવારવામાં ઉપયોગી થાય તે સારુ રાજયના દરેક જિલ્લાઓમાં કાયમી રીતે જિલ્લા એકતા સમિતિ, મહાનગર પાલિકા ધરાવતાં શહેરોમાં શહેર એકતા સમિતિ અને રાજયના અન્ય શહેરોમાં પણ શહેર એકતા સમિતિ, તથા સમગ્ર રાજયમાં કોમી એખલાસની જાળવણી માટે કાયમી ધોરણે મહોલ્લા સમિતિની રચના કરવા, તેમજ આવી સમિતિઓનું માળખું, સભ્યસંખ્યા, કાર્યક્ષેત્ર, સમિતિની મુદ્દત વિગેરે બાબતોમાં સરકાર તરફથી સર્વે સંબંધીતોને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

**૨.** રાજય સરકાર દ્વારા વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓ અન્વયે રાજયમાં પોલીસ સ્ટેશન દીઠ શાંતિ સમિતિઓની પણ રચના કરવામાં આવે છે. પરંતુ અનુભવે જણાયેલ છે કે આ શાંતિ સમિતિઓની રચનામાં સમાનતા જળવાતી નથી. જેથી સમગ્ર રાજયમાં પોલીસ સ્ટેશન દીઠ રચવામાં આવતી શાંતિ સમિતિઓની રચનામાં એકસૂત્રતા જળવાય તે હેતુથી શાંતિ સમિતિઓનું માળખું તથા કાર્યક્ષેત્ર આથી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

❖ પોલીસ સ્ટેશન દીઠ શાંતિ સમિતિનું માળખુ

સરકારી સભ્યો :-

(૧) નાયબ પોલીસ અધિક્ષકશ્રી/મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી , ............ અધ્યક્ષ
(૨)સંબંધીત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી/ પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી : સભ્ય-સચિવ

બિન સરકારી સભ્યો :-

સંબંધિત પોલીસ સ્ટેશન વિસ્તારના

(૧) સ્થાનિક સ્વરાજની સંસ્થાના ચૂંટાયેલ પ્રતિનિધિ, .............................. સભ્ય

(કોર્પોરેટર/ નગર પાલિકા/તાલુકા પંચાયતના ચૂંટાયેલ ૨(બે) સભ્યો)

(૨) પ્રતિષ્ઠિત ડોકટર, .................................................................. સભ્ય

(૩) પ્રતિષ્ઠિત સામાજિક આગેવાનો/રાજકીય કાર્યકર ૫(પાંચ) ......................... સભ્ય

(૪) અગ્રગણ્ય નાગરિકો/ઉદ્યોગ સાથે જોડાયેલ આગેવાનો ૭(સાત) ..... સભ્ય

(૫) અનુસુચિત જાતિના પ્રતિનિધિ સભ્ય

(૬) અનુસુચિત જનજાતિના પ્રતિનિધિ સભ્ય

(૭) મહિલા અગ્રણી સભ્ય

(૮) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રતિનિધિ સભ્ય

(૯) લઘુમતી કોમના પ્રતિનિધિ સભ્ય

(૧૦) ધાર્મિક સંસ્થાના આગેવાન - ૨(બે) સભ્ય

સંબંધિત પોલીસ ઈન્સ્પેક્ટર/પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રીએ આ બિનસરકારી સભ્યોની નિમણૂકો અંગેની દરખાસ્ત પોલીસ અધિક્ષક/પોલીસ કમિશ્નરશ્રીને મોકલી આપવાની રહેશે અને તેમની મંજૂરી મળ્યા બાદ તેમની નિમણૂક અંગેના હુકમો કરવાના રહેશે.

**3.** આ દરેક સમિતિના બિનસરકારી સભ્યોની મુદત બે વર્ષની રહેશે. સમિતિની બેઠક સભ્ય સચિવશ્રીએ વર્ષમાં એક વખત ફરજીયાત પણે તથા સમિતિના અધ્યક્ષશ્રીને જરૂર જણાયે ત્યારે વધુ વખત પણ બેઠક બોલાવી શકશે. સમિતિના નિમાયેલ બિનસરકારી સભ્યો રાજીનામું આપવા ઈચ્છતા હોય તો સમિતિના સભ્ય સચિવશ્રીને લેખિત રાજીનામું આપી શકશે અને અધ્યક્ષશ્રી આ રાજીનામું મંજુર કરી શકશે.

૪. આ સમિતિઓ અંગેનો થનાર ખર્ચ, સમિતિના સભ્ય સચિવશ્રીએ તેઓની કચેરીના વહીવટી ખર્ચ અંગે મળતી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. આ હુકમો તા.૧૨/૦૫/૨૦૧૭ ની સરકારશ્રીની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)
ઉપસચિવ(કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

* પરમ સન્માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા ).
* માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી.
* માન. રાજય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી.
* માન. મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી.
* માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
* માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, કાયદાના અંગત સચિવશ્રી.
* માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
* સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
* એ.જી.શ્રી, અમદાવાદ
* એ.જી.શ્રી (ઓડિટ), અમદાવાદ / રાજકોટ
* અધિક મુખ્યસચિવશ્રી(ગૃહ) / સચિવશ્રી(ગૃહ)
* સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.
* ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ,
* અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
* સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ.
* સચિવશ્રી, શિક્ષણ વિભાગ.
* પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
* પોલીસ મહાનિદેશક/ અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા.વ્ય.) / (ઇન્ટે.) / સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ.
* પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, અને રાજકોટ.
* સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ.
* રાજયના સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરશ્રીઓ.
* સમિતિના સર્વે સભ્યશ્રીઓ.
* પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
* “આર” શાખા, ગૃહ વિભાગ, સચિવાલય.
* ગૃહ વિભાગની સર્વે શાખાઓ.
* સચિવાલયના સર્વે વિભાગો.
* સિલેકટ ફાઇલ.